પ્રેમરસ ગીતાની ગરબી.

બનાવનાર૰તથા૰પ્રસિદ્ધ કરનાર,

ભુખણદાસ ભવાનીદાસ,

તથા

આતમારામ ભગવાનદાસ.

સુરત મધે.

"સુરત શીટી સેંટ્રલ પ્રેસ"માં બાગાતળાવ મધે નંબર

૪ ના મકાનમાં કેસુરજી રઘનાથજીએ છાપી.

સંવત ૧૯૩૫——સને ૧૮૭૯.

કિમત ૨॥ આના

આચોપડી ઉતપન કરવાનું કારણ.

સરદ રૂતુના અસ્વન માસમાં ગરબા ગાવાની પ્રાચીન રીત બીજા કરતાં આ ગુજરાત દેશમાં વધારે હોય એમ લાગે છે. તેમાં નવીન ગરબાઓ ઉપર લોકોની ઉલટ વધારે હોવાને લીધે ભગવદ ચરિત્રના શારા રશાળ રચેલા ગરબાઓ ઘણા છતાં સારૂં ઠકાઇ જઇ—સુરતના હુલડ વીશે તથા મલારરાવ ગાયકવાડ વીશે ઇત્યાદી કરીત ગરબાઓ ઘણા વધી પડયા ને તે નવીન જાણી જહાં તાંહા તેહેનો ફેલાવ વધારે દીઠામાં આવેછે, પણ કુશકા ખાંડવાથી કાંઇ શાર નીકળતો નથી તે શ્રમ મીથ્યા થાએ તેમજ કરીત ગરબા ગાવાથી કાંઇ ફળ રૂપ નથી માત્ર મીથ્યા વખત ગુમાવવા જેવું થાય છે.

નવીન ગરબાઓ ઉપર લોકોની આશકતી વધારે હોય એમ જાણી આ ચોપડી ભગવદ ચરીત્ર વીશેના નવીન ગરબાઓની બનાવીછે તે પ્રેમ શહીત જે ગાએ શાંભળે તેને ભગતી વધે ને અંતે હરી પદપામે એ મોટુ ફળ છે.

ભક્તિના નવ પ્રકાર તેમાં પ્રેમ લક્ષણા ભક્તિ શ્રેષ્ટ ને તે ગોપીઓને શીદ્ધ થઇ છે માટે ગોપીઓનાં પરેમની રચના ઉપરથી જુદાજુદા રાગમાં નવીન ગરબીઓ બનાવી આ ચોપડીમાં દાખલ કરીછે.

હુ કાંઇકવી નથી ને પીંગળ વીગરે કવીતા કરવાનાં ગ્રંથ મેં જોયા નથી પરંતુ વીદવાંન કવીઓના રચેલા કાવ્યના પુસ્તકો શીજસાજ મારા જોવામાં આવેલા તેનો આધાર લઇ મા યથા શકતી પ્રમાણે ગોઠવણ કરી છે તેથી હેમા જે કાંઇ ખામી દોષ હોએ તે શરવે નીરગમન કરવુ.

પ્રેમરસ ગીતાની ગરબીઓ.

ગરબી. ૧

શાંભળરે તું શજનીમારી રજની કાંહા રમીઆવ્યાંજી એ રાગથી.

શ્રી ગુરૂવલ્લભદેવને પ્રથમે, પ્રણામ કરી પદ વંદુજી;
ચરણ કમળની સેવા કરતાં, જાય પાપ થાય મન ચંદુ.
(પરેમરસ રાખો ફંદે)

માંગલરૂપ શ્રીવલ્લભ રાયજી, શ્રીવીઠલ ગીરધારીજી;
જેનું સમરણ કરતાં નીત્યે, થાય નીસપાપ નરનારી. પરેમ. ૨
અષ્ટસખા વૈષ્ણવ માહામોટા, તેને કરૂ પ્રણામજી
પુષ્ટી મારગ તણી રીત જાણે શ્રીકૃષ્ણ તણા ગુણ ધામ. ૩
કરે કૃપા જો અંતર જામી, તો રૂદય પ્રકાશ મુજ થાયજી;
પ્રેમ રસ વરણુવ શાંભળતાં, મનના તાપ શહુ જાય; પરેમ.૪

ગરબી ૨

સારથી ભારથીના છંદ ના રાગથી ગવુ

થાય પ્રકાસ તો વર્ણન કરૂ,
ને પ્રેમ રસ ગીતા ગાઇ મનડુ ઠરૂં.
વ્રજ વનીતા તે ઉધ્ધવ વ્રજ માહે,
તે પરસ્પર વાદ વીવાદ તાંહાં થાય.
ઉદવેગ એક શમે કૃષ્ણને થયો,

તે જોડી બને હાથને ઉદ્ધવતાંહ ગયો;
કહો પ્રભુ કેમ ચીત ઉદાસી થયું,
કહો નીજ દાસને એમ ઉદ્ધવે કહ્યું;
વળતું વદયા શ્રીજી કહું અથીતા કથા,
વીશરાતા નથી ગોપીના સ્નેહ સર્વથા,
લોકવેદ તણી એણે લાજ જેતજી,
ધરી પરેમ અતી સરવે મનને ભજી;
મારો વીયોગ તેનાથી તોનથી સેહેવાતો.
વીરહ દુખ રોગ નથી કોઇને કેહેવાતો,
સાંત ન કરો માન ઉપદેસ કરી.
સરવ સાંભળીને રહયુ ચુપચુ ચીત કરી,

ગરબી ૩

માગસમ એવાની વાહાલા એ રાગથી

ઓધવ એક વાત કહુ તમને. ગોકુલ વીના ગમતુ નથી હમને ઓ૦
પ્રીત અતી મુખે કહી કેમ જાય, ન બને કહયાથી મનમા સમાય;
વીયોગ દુખ કોઇ શું નવ કેહેવાય. ઓ૦ ૧
નારદ આદી શીવ બ્રહ્માદીક જેહ. નથી અધીકારી એ વાતમાં
એના ગુણ ગાઉ અતી મન સનેહ. ઓ૦ ૨
ક્ષણ વીસરાતી નથી વ્રજ વાત, વ્યાપી રહી પ્રેમ હૃદયા ર
પત્ર મોકલાયે નહી કોઇ હાથ. ઓ૦ ૩
ભક્ત કોઇ નથી અન્ય એવા, નીત્ય અજીત હું કરીને સેવા;
અગણ ગુણ શું જાણે તે હેવા. ઓ૦ ૪

ગરબી ૪

હોરો આવની સલુણા શ્યામળાજો એ રાગથી
શેવા પ્રીત શું કરીને મને વસ કર્યો જો
કેમ વીશરૂ એ પ્રેમ મારે મન હર્યો જો. ટેક
કોટી કલ્પ લગી જો એના ગુણ ગાઉ સદાજો,
તોહે વ્રજનારીનો અરણી ન થાઉ કદાજો. શે. ૧
મારા વીયોગ તણું દુખ તે ધરે બહુજો,
અંતર ગતની વાત કેની આગળ કહુ જો. શે૦ ૨
પોતના તમો એક અહી રાખ્યું કે મોકલું જો.
મને ભાસેછે તમો વ્રજ પધારો તો થાય ભલું જો. શે ૩
ગુણ ગોઠ તે તમ વીના કેહેવાતી નથી જો
કહીએ તો પણ હેમા કામ બ જાનુ નથી જો. શે ૪
ઓધવ આગળ એવાં વચન પ્રભુએ કહ્યાંજો,
તતો શંભળી ભુધણે ચીતમાં લહ્યાંજો. શે ૫

ગરબી ૫

શહુથી શમરથ રાધા વરનો આશરો એ રાગથી
નંદ જસોદા આદે શરવ વ્રજ શાથને ટેક.
તે મને કરી આવો યોગ્ય ઉપદેશજો,
અધ્યાત્મક બ્રહ્મ જ્ઞાન સમજવો સરવને,
વ્રજ વાસીના શોક સમાય એમ થાએજો નંદ ૧
મોરમુકટ નીજ કુંડળ આપ્યા કાનવા,

પીત વસન સહુ આભુષણ આપ્યાં અંગજો
ઓધવને પેહેરાવ્યાં પ્રભુ અતી પ્રેમથી,
નીજ રથ આપ્યો નીજ જન જાણી તતખેવજો. નંદ ૨
વસ્ત્ર આભુષણ પેહેરી ઓધવ શજ થયા,
ગોકુળ જાવા મનમાં મોટી હોંસજો
રથ ઉપર જઇ બેઠા ઓધવ તે સમે,
માગી આગ્ના પ્રભુને કરી પ્રણામજો. નંદ ૩
રથ હંકાર્યો જાવા વ્રજ મંડળ ભણી,
મનમાં મોદ અતીશે ઓધવે આણીજો
શાંજ સમે જઈ પોહોતા ગોકુળ ગામમાં,
જોતાં જોતાં વ્રજની મનોહર રીતજો. નંદ ૪
ઘર ઘર પ્રત્યે ગૌ દોહન સોભા જોઇ.
નામ લઇ લઈ ગૌ વ્રજ ગ્વાલ બોલાવેજો
પ્રેમ ઉમંગ મન આનંદ શહુને અતી ઘણો,
વેણુ નાદમા ગોવીંદ ગુણ શહુ ગાયજો નંદ ૫
વેણુ નાદ વીશાળ ઠામે ઠામ થઇ રહયો,
વ્રજ મંડળમાં મનોહર શબ્દ રસાળજો
સોભા જોતાં જોતાં ઓધવ આવીઆ.
એટલે આવ્યું નંદ તણું દરબારજો. નંદ ૬
દુરથી દીઠો રથ આવતો નીજ ઘર ભણી.
જાણ્યું જે આવ્યા પ્રાણજીવન આધારજો.
નીરખી રથ ને ધાયા નંદ જસોમતી

મનમાં હરખ્યા આનંદ ઉભટ ન માયજો. નંદ ૭
દુરથી જોતા જાણ્યું જે રથ નાથનો.
મોહ પમ્યા સહુ અનંદ અતી મન માહેજો.
મનના આતુરતા થઇ ઉમંગ અતી ઘણો,
ભુધણ જોઈ આવી મનમા હરખ અપારજો નંદ ૮

ગરબી ૬

ધનાસરી રાગથી ગાવું અથવા ગુરૂ ગોવીંદને પાયે નમીને હરી શર-
ણે જઇ રહીએ રે. એ રાગથી.

જગજીવન આવ્યા જાણીને, ધાયા જસોદાનંદજીરે;
સામા ગયા મળવા મન તતપર, આનંદ આણી મનજીરે. ૧
પાસે આવી ઓળખીયા, ઓદ્ધવજી હરીના દાસજીરે;
ઓદ્ધવ જોઇ મનપ્રસન બતાવ્યું. પણ અંતર થયા ઉદાસજીરે. ૨
મળી પરસ્પર નંદ જશોદા, ઓદ્ધવ લાગ્યા પાયજીરે;
ઓધવને કર ગ્રહીને લાવ્યા, નીજ મંદીરની માંયજીરે. ૩
આસન આપીને પુજન કીધું, ઓદ્ધવજીનું તાંહેજીરે;
પુજન કરીને ચરણે નમીયાં, આનંદ અતી મનમાંહેજીરે. ૪
સામગરી સઉ તતપર કીધી, ઓદ્ધવ આવ્યા જાણીજીરે;
ભોજન કરાવ્યાં મન ભાવતાં, આનંદ મનમાં આણીજીરે. ૫
એમ સંતોખ્યા ઓદ્ધવજી, પછે પુછે પ્રભુની વાતોજીરે;
સાંભળવા ભુખણુ મન આતુર, પ્રેમ રસ ગીતા ગાતાજીરે. ૬

ગરબી ૭

આવી રૂડી સરદ પુનેમની રાત રમવા આવીશ હું વ્રજ સાથ એ ઢાળ
વાતો વાહાલાની કરતા. હળી મળી સુખ દુખની જે ગોઠ;
કોહોની આગળ જઈ કહીએ, એકઠી થઇ તે આવી હોઠ.
કહો ઓદ્ધવ હમને હરી હળધર, કુસળ છે એ બંન્ને ભ્રાત;
ક્યારે અહીં આવશે તે કોહોની, જો કરી હોય તમ આગળ વાત. ૨
સાંભળ્યું જે કૃષ્ણે માર્યો કંસ, વાસુદેવ દેવકીના છુટ્યા ફંસ;
સાંભળી સુખ પામ્યા સર્વ કોય, દુખ હરી આ એક હમને હોય. ૩
આનંદ પમાડયું આખું જગત, વીના એક ગોકુળ કેરા ભક્ત
વીસરતા નથી વાહાલાનું સુખ, વીયોગ થયો તેનું અતી દુખ. ૪
આ વસન શ્રંગાર અમુલ્ય જોઇ જોઈ, હૈયું ઉભરાઇ આવે રોઇરોઇ,
નીજ સુખ સાંભરે છે જે વાર, ભુષણ જોઇ દીલ દાજે તેવાર. ૫

ગરબી ૮

આજ ગોકુળથી મથુરામાં આવ્યા શ્રીજના વાહાલા એ ઢપ.
હમને વીયોગ કરી સુખ શપનાવત થઇ ગયું તે કેમ વીશરૂં,
ગદગદ કંઠ થઈ ઓદ્ધવ આગળ બોલે વચન હું કેમ ઠરૂં. ટેક
મધુ પુરમા સહુંને સુખ થયું, હમો ભાગ્ય હીન તેથી દુ:ખ થયું,
કહો ઓધવ એમાં તેનું શું ગયું. હમને. ૧
કુંઠ કંસ મામાના મોડયા, માત પીતાના બંધન છોડયા,
હમારા સુખ હતાં તે તોડયાં. હમને. ૨
નીત મારા મંદીરમાં માહાલે, આજ તે મારા મનમાં સાલે

અગ્રુધ્રતું કીધું માહારે વાહાલે. હમને. ૩

આજ લગી આસ્યા હતી આવ્યા તણી, પણ પાછું ન જોયું ગોકુળભણી. હવે નીરાસ થયા એવું જાણી. હમને ૪

એમ કેહેતામાં નેત્ર ભરાઇ આવ્યાં. રૂદે રૂંધાયું ને બોલતાં નહીં ફાવ્યાં. ઉર ન સમાય દુઃખ તેવો સંધેસો લાવ્યા; હમને. ૫

નીતમુખ જોતી તે હવે દુર્લભ થયું, દે કી વશુદેવને તો સુરલભ થયું, હમારૂ દેવત તે સરવે ગયું; હમને. ૬

ઉર દુઃખ દંપતી અતી વ્યાકુળ થયા. એવું કોઇ ઓદ્ધવ સુખ વચન કહ્યાં; તે સરવે ભુધણે ચીત માંહે લહ્યાં, હમને. ૭

ગરબી ૯

ધન આઠેમ અંધારી એક કે ભાદરવા વદી રે લાલ. એ રાગ.

સાંભળો શ્રી ક્રશ્ણે કહાવ્યું તમને. તે હવે હું કહુ રે લાલ;
તમ સરખા હીતકારક નથી કોઈ, જુઓ વીશ્વ સહુ રે લાલ. ૧
કહાવ્યું છે ઘણું કરીને પ્રણામ, તમને ધન શ્યામળેરે લાલ;
થોડા દીવસમાં આવી મળશે. ન ગોઠે તમ વણુ મળે રે લાલ ૨.
જે દીવસથી ગયા મથુરા. વ્રજ વીના નથી ભાવતું રે લાલ;
માતા તમ વીના કહાન કહી. મુને ન કો બોલાવતું રે લાલ. ૩
ક્ષણ ક્ષણ સુખ સાંભરે તમ માત, પાલ્યાં લાડ તમો અતી રે લાલ;
ભુખણના પ્રભુ સુંદર શામે કહાવ્યું. તમને યથામતી રે લાલ; ૪

ગરબી ૧૦

સખી મરતકે ગરબો લઇ ગોવીંદ ગુણ ગાઇએ રે: એ ઢબથી,

કહાવ્યું છે તમને જેહ સાંભળજો નંદ ાય;
રૂડી રીતે રાખજો સંભાળ ધોળી ધુમરી ગાય. ૧
ક્ષણ વીશરાતું નથી હેત જે પીતા તમતણું;
હમારૂં કીધું પ્રતીપાળન સહુથી હેત ઘણું. ૨
ઓધવ કહે સુણો મારી વાત ભાગ્ય અણી તમતણું;
પુત્ર કહાવ્યા શ્રી પરીબ્રહ્મ નેતી નેતી નીગમ ભણું. ૩
જેને નીગમનેતીનેતી કહે, તેમાં સીવજીની ગતી ન ફળે;
સેષ નીસદીન સહસ્ત્ર મુખ ગાય, બોલ્યા મુનીજને ન મળે. ૪
જેણે સરજ્યું સઘળું વીશ્વપાળે ને સંઘારસે;
રહ્યા વ્યાપી સઘળે ઠામ. જયાં જોઈએ ત્યાં હશે. ૫
જુઓ સ્થાવર જંગમ સ્થળ, એ વીના કંઇ ખાલી નથી;
નીજ ઘરમાં બાળો વ્યાપક, અંતરમાં એ કહ્યું નથી. ૬
તેથી છોડો પુત્રનો ભાવ, જાણો ઇશ્વર એહને;
જાણજો તમારૂં મોટું ભાગ્ય. જે તમપર સ્નેહ તેહને. ૭
ફળ્યા સાધન સર્વે તેના, વહાલા જેને હરી થયા;
ભુધણ રાખે જેની આસ, તેની બહુ તમપર મયા. ૮

ગરબી ૧૧

ગોરસ વેચે રે ગોપી. તેના અંગ રહ્યા છે ઓપી. એ રાગ.

સાંભળયાં ઓદ્ધવ કેરાં વચન, તેથી કોઇનું ન માન્યું મન;
આશ્ચર્ય સરખું હમને ભાસે, પરીબ્રહ્મ સુણી મન હોલ્લાસે. ૧
બોલ્યા વાક્ય ઉદ્ધવ શું વળતાં. પુત્ર વીયોગે અંતર બળતાં. ૨
સાંભળો હરીજન તમને શું કહીએ, પરમેશ્વર હેનેકેમ હમ લહીએ. ૩

કહીએ કેમ તેને પરીબ્રહ્મ. શાક્ષી પુરે નહીં હમ. ૪
ચરીત્ર કહુ એના સાંભળો એહ. ઇશ્વર હોય તે ન કરે તેહ;
એક સમે પયપાન કરવા આવ્યા. હરી મન આનંદ પણુ નહીં લાવ્યા ૫
મારા કંઠના આરી સામાં જોયું. થઇ ઉદાસ તેથી મન મોહ્યું;
પ્રતીબીંબ પોતાનું જોઇ એમાં, રીસાઇ પાછા ફર્યા એ તેમાં. ૬
મોહન મુગ્ધ થયા એમ જોઇ. ના ના નહીં ધાવું દીન કોઇ;
કહે તુંજ પાસે બીજો બાળ, કેમ કહેવાએ એહને ગોપાળ. ૭
પુત્ર હમારો ભોળો હેવો, ઓધવ તમારો વીચાર તે કહેવો;
પરમેશ્વર હેવું કેમ કરે, ઓધવ વીચારો અંતરે. ૮
ઓધવ ન કરો એવી ભ્રાંત. એ તો પુત્ર મારો શક્ષાત. ૯
ભુધરુ ચીતમાં નહીં સંદેહ. ભક્ત વછળ માટે પુત્ર થયા એહ. ૧૧

ગરબી ૧૨

લાગું ગણપતી તે પાયે પુજુ અંબાની પાંવડી જો એ રાગથી
શાંભળો ઓધવ કહુ છઉ એહ પુત્ર પુરણ પવીત્ર છે જો
મારા પુત્રની કહુ વાત એના પરમ ચરીત્ર છે જો ૧
હતો અણહેતો અતીસે ત્યારે ઘેલુ ઘેલુ એ બોલતો જો.
માડીમારી વહુ ક્યાં ગઇ દેખાડો મને એમ કહી બોળતો જો ૨
બોલે ઘણું આડુ અવળું મીઠું બોલી મન રીઝવતો જો,
ઉંદર બીલાડાં જોઇ ડરતો દોડી મારી પાશે આવતો જો. ૩
ભયપામી વળગે કોટ દોટ મુકે મન ભાવતાં જો,
કોઇથી કહાવી ન હરીએ એમ કહુતો હે નવ માનત.જો. ૪

બાડક વાયો કુવેર કાલેઃ મારો છોડાવ્યો છુટે નહીજો,
મારો કાલો શુત કાહા ગયો હવે દૈવ હું જાઉ કહીજો. ૫
સ્ફાટીક મણીના સ્થંભમાહે પોતાનું પ્રતીબીમ નીરખતાં જો.
તેની સંગે રમવા માટે હઇઆમા હાસુ તે હરખતો જો ૬
માખણ આપે તેને હાથ વળગી સ્થંભને હેડે પડે જો.
આ મા એ નથી કેમ ખાતો એમ કહી તે માટે રડે જો ૭.
એક વાર ભાંગ્યું દહીનુ પાત્ર એવો વાંક હેનાથી થયો જો.
તે માટે બાંધ્યો ઉખલે તારે રંક થઇ બેસીરહ્યો જો ૮
જારે શુખ શાંભરે એનુ તારે શાચે મુજ હૈયું બળે જો.
ભુધર કેહે પુત્ર પ્રાણ વલ્લભ મળે તો બળતર ટળેજો. ૯

ગરબી ૧૩

શાચી શાગરી. એ રાગથી ગાવું

એમ પરમ ચરીત્ર પરસ્પર હરીગુણ ગાતાજી;
કઇ વાર ન લાગી તાહે રજની જાતાંજી. ૧
વાહાલાની વાતનો નવ આવે પાર હરીગુણ ગાતાજી;
રહી રાત પાછલી ઘટી ચાર રજની જાતાંજી. ૨
વલોવે મળી વ્રજની નાર હરી.
ગાતાં હરીગુણ અતીસે રશાળ રજની. ૩
નામ શમરણ કરે વારો વાર હરી.
ધરે ધ્યાન ન ચુકે લગાર રજ ૪
કીર્તન કરે ચીત નીસદીનઃ હરી.
ધરે ધ્યાન આણી મન પ્રીત રજ ૫

દાકું ઓધવે વ્રજ નીજ રૂપ હરી,
જોતા શકુ શાંમ સ્વરૂપ રજની જાતાજી.
એના ગુણુનો ન આવે પાર હરી,
કેહે વેદ એમ વારોવાર રજની. ૭
થાકા શેશ નારદ વ્યાશ પુત્ર હરી,
નથી ગન્નુ ભુષણુ કોણ માત્ર રજ. ૮

ગરબી ૧૪

શીખ શાશુજી દેછેરે વહુજી રહો ઢંગે એ રાગથી
ધનધન્ય ગોપીનુ ભાગ્ય, ઓધવ જોઇ ચકીત થયા;
નાહી આવે એની શમતુલ્ય, કહીને સ્નાન કરવા ગયા. ૧
એટલે અજવાળુ થયું તાંહે, ગઇ બાળા આવી બારણે.
દેખી રથ નંદજીને દવાર, શકે મળી પુછવા કારણે. ૨
શખી પુછે પરસ્પર એમ, કોણ એ રથનો ધણી,
શું ફરી આવ્યો અકુરીઓ, પેહેલાં તો ગયો છે હણી. ૩
કરો શીક્ષા જો એ દુસમન, હોય તો આંહાથી કાહાડો ફરી,
એમ કરે પરસ્પર વાત, ગોપી મન નીશ્ચે કરી. ૪
જેને વાહાલા અંતર વ્રજનાથ, વીજોગી તેને કેમ ગમે,
પરેમ રાખો એવા રૂદે માહે ભુષણુ કેહે શરવે તમે. ૫

ગરબી ૧૫

પ્રગટયા શ્રીકૃશણ મન ભાવતારે લાલ એ રાગથી
સ્નનાકરી ઓધવ આવીઆરે લાલ,
કરે અબળા એવા વીચારજો. ૧

દીઠા દુરથકી શ્રીહરીના જનજો,
કાંતો આવી પ્રસન વદન્ન છેરે લોલ.
કરણા મય રહીત વીકાર જો.
સ્નાન કરી ઓધવ આવીઆરે લોલ. ૨
દંભ ઢોંગ રહીત નીરમળ મનછેરે લોલ,
પરખ્યા પ્રેમદાયે ભગવદીકો સારજો. સ્નાન ૩
એટલે ઓધવ તાંહા આવીઆરે લોલ,
નમ્યા ગોપીઓને પાય જો
હરી શમરણ કરતાં ગયારે લોલ.
ગમ્યા ગોપીઓને મનજો. સ્નાન ૪
ઓધવ ગોપીઓને મન ગમ્યારે લોલ,
ભાળ્યા ભગવદી જાણી મનજો,
પ્રસન થયા વદન શર્વનારે લોલ,
કરે પરસ્પર વાતજો. સ્નાન ૫
વળતા ઓધવ એમ ઓચરે લોલ,
મોકલ્યા શ્રીક્રશણે તમ પાસજો.
સંદેશા કાંઇ એક કાહાવીઆરે લોલ,
પોચે જેમ મનડાની હાંશજો. સ્નાન ૬
શ્રીક્રશણે તમને જે કહ્યુરે લોલ,
સત્ય કહુ સરવ તેહજો,
નીસ દીન પ્રભુ પાસે હુ રહુરે લોલ.
મુજથી નથીઅંતર એહજો. સ્નાન ૭

મુખ શદેશો કાંઇ કાહાવીઓરે લોલ,
જઇ બેશો એકાંતે હું કહુંજો.
પ્રભુના કહ્યા પ્રમાણે શહુ કરુરે લો
આગ્ના આધીન હું હરીદાસજો. સ્ન
શુણી એમ શાવ મન પ્રસન થયારે ।
જઇ બેઠાં એકાંત સ્થળ માહેજો,
પ્રાણુ પતીને પ્રાંપે જાણી નેરે લોલ.
લઇ ગયા ઓધવને તે તાંહેજો સ્નાન
ઉતારી અંબર આસન રચ્યુરે લોલ,
બેશાડયા ઉપર હરી જંનજો,
પુછે વાત. પ્રભુઆવવા તણીરે લો
પાડે પ્રભુ વીના ઘણું મનજો સ્ન
એમ દાઠી આતુરતા ઘણીરે લોલ
ગોપીઓનો પ્રભુ શાથે પ્રેમ જો,
ભુષણુ શહુ ઉચીતમાં ધરેરે લોલ.
પધારે પ્રભુ ક્યાંરે હમ ઘેરજો. સ્નાન ૧૧

ગરબી ૧૬

રોકયો છે ઘાટ ગોવાળોએજો

કહો ઓધવ રૂડાછે નંદલાલજીજો
શેવા કરે કોઇ આણીને વાહા
કહો ક્યારે આવસે ગોકુળ
માત પીતાને મળવા કામ

.... જશોમતીજોરે,
ખાંતા અંનજો;
પોકાર કરેજોરે,
કરે નાથ જો. કહો ૨
. કાંઇ દયા કરેજોરે,
વાહાલાજીનુ દુખજો;
હેમા કાઇ નથીજોરે,
પેહેલાંનુ જોઇ શુખજો. કહો ૩
તારે અંતર બળેજોરે,
વીજોગનુ દુઃખજો;
કે પેહેલી થઇજોરે,
ને પાછા આવે કેમજો. ૪
રણ છોડાઉજો,
ા શું પ્રીતજોરે;
હમે કેહેતાં નથી જો,
વ શમજતા એમજો. કહો ૫
ને શમંધ શું રહયો જો.
ક્યારે હતા નાથજો,
ભોળતાજો,
તડે શાથજો. કહો ૬
રે કો અતીજો,
જો,

ક્રોધ શોભાવે જારે ગોપીનાથ કહીજો.
તારે મન ભાવ્યું લજવાયજો. કહો ૭
હરીની વાણી આદી વસ્તુ છે ખરુજો,
વ્રજ વલ્લભ વીના તે લજવાયજો.
હરી હેત તો પંચરી ગાયજો,
ગુણ ભુપ સુ કેહેતા ન આવે પારજો. કહો ૮

ગરબી ૧૭

હરેહો શરદની રેન સોહામણી એ રાગમાં
હાંરે હો ગરજના ગીરધારે ગોકુળનાથજી
હારે ગોકુળનુ કરતારે વીખાણું રે, ગરજ હતી જહાં તાહા લગી.
હારે મતલબ થયે થયુ ખારરે. ગરજ ૧
હારે મધુકર પુષ્પ સુગંધ લઇ તજે, હાંરે ફરી ન લહે સંભાળરે.
પ્રીત એક આંખની કહુ. હારે દીપક પતંગનુ એ ધાણુરે. ગરજ ૨
હારે મતલબની જનાણી જેવી ગોતજે, હાંરે ગરજ લગી પાળે પ્રીતરે
રોગ ગયે વૈદને તે વીસરે. હારે ફરી નથી તેનુ કામરે ગરજ ૩
હાંરેહો પારધીની પેઠે એણે ભોળવી, હારે માર્યા મોહ તણા બાંણરે
મતલબ પોતાની સાધવા. હાંરે દયા ન ધરી લગારરે. ગરજ ૪
હાંરેહો વીચાર નહી હતા એહને, હાંરે નીરદય નંદ કુમારરે.
કપટી ઘણારે એ છપ કૃષ્ણજી. હાંરે એણે ન કર્યો વીચારરે. ગરજ
હાંરેહો પારધી કરતાં પણ એ કઠણ છે. હાંરે કાંઇક તે ભલો કેહેવાયરે
મોહ પમાડી મારે પક્ષાને, હાંરે પછી ખબર લેવા જાયરે. ગરજ ૬

હાંરેહો મરી ગયું કે જીવતું રહ્યું, હાંરે વસે શી થઇ હેની તાંહેરે,
જુઓ તેવું પણ એણે નવ કર્યું, હાંરે મારી મુખ ન જોયું આહેરે. ૧
હાંરેહો નીરદયતે વાધ કરતાં વધ્યો, હાંરે નથી દીઠો એવો કોઇરે.
પ્રીત કરી માટે પસતાવો થયો, હાંરે રૂદયે તપ સી ન જોઇરે. ગરબ ૮
હાંરેહો આગળથી આવા એને જાણતે. હાંરે કદી ભોળવાતે ન કોઇરે
આટલે લગી વાત નવ આવતે. હારે પ્રીત કરને વીચારી જોઇરે. ૯
હાંરેહો પાણી પીઇ ઘર પુછવું એ ન ઘટે, હાંરે હેમા મુખે નાખું કેહેવાયરે.
ચતુરાઇ કરીને એણે છેતર્યાં. હારે હવે પસતાયે શુ થાયરે. ગ ૧૦
હાંરેહો એવા એવા વચન ઘણા કહ્યાં. હાંરે ઓધવ આગળ અનેકરે
ભુધણૂ શ વશું કહી સકે, હારે ગોપી ગોએ વાળ્યો છેકરે. ગરબા ૧૧

ગરબી ૧૮

અખાડે આનંદ કાંઇ રે અમથી અળગા કેમ થયા. એ રાગ
ન કેહેવાનું રહ્યું કાંઇરે, પાર ન આવે તો શુ કહીએ;
અંતર પોતાને દાઝીરે. શમજીને બેસી રહીએ. ૧
રસના ડસે જેમ મોહોમારે, દુઃખ થાયે પણ કોહોને કહીએ. ૨
થાય પીડા જે દીલમાહેરે, ન થાય પોકાર શરવે સહીએ. ૩
જેમ કુપની છાયા હોયરે, સમાયે પાણીને કુપ માહે. ૪
એમ મુગાનો મન શુખોરે, જઇ કોઇને નહી કેહેવાયે. ૫
એ દુઃખ એવું તે કેમ કહીએરે. મુખ થકી કોણ વખાણે,
પ્રીતની પીડા અતી ઘાડીરે. અનું ભાી હોય, તેતો જાણે. ૭
જે જાણે તે કેહે શ્રી.ચુરેખાકી. શાને કો ચેષ્ટા કરે. ૮
માટે કોઇને નથી કેહેવાનું રે, કહેથી મુરખમા ઠરે. ૯

નથી હોય એમા કોઇનો રે, જાણી જોઇ એણે શરણુ કર
ત્યાગી વનકુંજ માહેરે, વાઢે વાત પછી તેમ કર્યું ૯
આતમા મનમાં જ્યા જાગેરે, મધુપુરીમા એહને મળે.
જાગે જાણી આતમા જાગેરે. તે શીદ પારકે દુઃખે બળે ૧૦
ચકોર ચાહે જેમ ચંદ્રનેરે, પણ ચંદ્રના મન માહે નહીં,
એમ મોહનના મન માહેરે, તે માટે હમો ભાગ્યે અહીં ૧૧
ઓધવ ન ધરે આ હરખનેરે, અહીં જોવું નહીં પાછું ફરી.
જુઓ આ સુખ પ્રભુના એ વરે, આ ગતી હમારી કહી કરી. ૧૨

ગરબી ૧૬

ગ્રંથની પુન શોભાવનો આરંભણી બાકી છે. હેહો એ રાગથી
ઓધવ કેહે બ્રજનારને, નથી નાણ્યા નંદ કુમરજો,
પરમાતમા હરીને નથી, એહને છે સૌ સમાનજો. ઓ ૧
અભયપદ આપે બાળકને, શઠના અંતર શોધી એહનો.
સચરાચર વસે શ્રી જગતમે. ઘટ માહ જેમ પુરણ સુગંધહો. ઓ. ૨.
એમ અખંડમા વસતા અવિનાશી, બ્રહ્માંડમા સઘળે ઠામજો.
વીજોગ તેનો નવ સંભવે. તમો શીરેથી એમ કહો કેમજો,
અજ્ઞાની હોય તે એમ લવે, તમે તીઆગો જુઓ મનહો. ઓ ૩
પદમાસન વાળી કરી નાસીકે. અગ્રે રાખી દ્રષ્ટહો,
નાભી એકાગ્રે મુન ધરી, કરીએ શે હમણુ ધ્યાનહો. ઓ ૪
પ્રાણાયામ અભ્યાસ નીતે કરી, ચાલો એ રાજ મારગ રીતહો,
ત્રીકુટી મધ્યે ગગન ચડી, બ્રહ્માનંદ સુખમા પ્રીતહો. ઓ ૫

આત્મા પોતાનો પોતા માહે, રામ નીરખે હૃદેમાં દેખાયહો.
જોગ મારગે જોતાં જડે. પરી બ્રહ્મ ઘટ માહે દેખાયહો. ઓ ૬
ઉપદેસ જોગનો કાહાવીઓ. હરીએ તમને ઉદ્દારહો;
ક્યાં કરીને બતાવીઓ, રમો જુગતશું એ ચીત માંહેહો. ઓ ૭

ગરબી ૨૦

હોરે હો શીર બજાર તેં શું કર્યું એ રાગથી ગવાય.

વ્રજ વનીતા કહે સાંભળો, ઓધવ હરીના જનરે. વ્ર ટેક.
તમે લાવ્યા બધાઇ તે સારૂં થયું. પ્રસન થયા સહુના મનરે;
ક્યાંકરી પ્રભુએ તે કહાવીએ, જોગ બતાવ્યે નથી એનું કામરે. વ્ર. ૧
હમો નથી અધીકારી એ જોગના, બતાવો કોઇએ તેને જઇ રે;
તમો અધીકારીછો એ જોગના. માટે આપો તમ મનરે. વ્ર. ૨.
જોગ આપતા રખે એવો કોઇને. બાંધી રાખો તમ પાસ રે;
શોભો ગુરૂ ચેલા બંને તમો જોગને, આપો કુબજાને જઇરે ૩.
પ્રીત પચી રહી અમારા મનમાં, જોગ રાખવા ન ઠામરે.
કાસી જઇ સાધો તમે જોગને. હમ રે નથી એનું કામરે ૪
આસરો હમારે એકછે. અચળ અખીલ શુંદર શામરે
હમારા તો હરીને પ્રેમા ભર્યાં, એમા જોગનું શું કામરે. ૫
પાકાં આઇ જોગ પરેમના, અથડાઇ મરે આહેરે,
નંદનંદન વીના નવ ગમે, પ્રભુ રહ્યા અંતર માહેરે ૬
જોગ જગમાં શાને ભટકીએ, શીદ ખોવા કથા દીનરે,
પતી વ્રતા ધર્મનો એકછે, બીજો ભજે ભાગ્ય હીનરે. ૭
એકને તજીને બીજાને ભજે, કહીએ તેને પાપી નારરે

અંતરમા વીચાર કરી જુઓ, ઉધવનમારે તે શારરે. ૮
તમો રાખો કે શું પો જઇ, કાળા કુબજને જોગરે,
જુવ ક્રુને જોગ નથી ભાવતો, ચાહે પ્રભુનો શંજોગરે. ૯

ગરબી ૨૧

મીઠ્યા શે તે માથા કુટ મારીરે શ્રી કૃષ્ણ શેન ભજે. એરાયગી
હાઓ........વત શુ ઉ......ક.........ગીએ ટેક.
કુહોતો વીખ્યાધને મગીએર ઓ ઓ......વતશુ...ક...ગીએ ટેક
ગદ ગદ કંઠને.........રૂદય રૂંધાવું મુખે નવ બોલા......યરે;
ડસ કસે જેમતેમ કરી બોલે, નયણેની......રેલાયરે. ઓ ઓ ૧
દુઃખ દગીઓ કેહેતાપ ર...નઆવે, ગુહ્ય ગોઠ કોહોને કહી...એરે;
શુગાના શપના વત સમજી દુખ પડે તે સહીએરે......ઓ ૨
પ્રીત કરીદગો......એણેરી...યો, કુબજનો મને રથશી...યોરે;
કરતુ અમાત છોડીને એણે, ઇદ્રવારુણી રસ ગીયોરે...... ઓ...૩
જાણ્યુ હોત પ્રથમથી...હે...વું. તો છગ એનાથી ન છગ...તેરે;
વહાલપણુંથી નહી વહાતે તો, આ દુઃખનહી હમ પડતેરે...ઓ૪
વાંસલડીમા કામ......ણું કરીને, મોહેણી મંત્ર વસ કરી......ધારે;
કાળજડાં......કોરી લાવ, પછી હમને છોડી દીધારે. ...ઓ...૫
ચીત હમારા...ચો...રી લઇને. કુબજને મંદીર...મા...હાલરે;
ભીતર ભડકો......તહમ લાગે, રૂદય કમળમાં શાલેરે...ઓ...૬
પ્રેમતણી ફાં......શી......ઘાલીને, ઘાત ઘણી હમ કરી......ધારે;
નીરદયને...દયા હોય કાંહાંથી, લાજ હમારી લીધીરે...... ઓ...૭

આગળથી હેણે...બા...ક લડાવીને. હૈયેથી પડતાં મ......દયારે;
સ્નેહ કરી......પછી કેવ દમને. પ્રાણ કાઢી લઇ કેદ્યાંરે...ઓ ૮
નીરદયાણે મા......સી...પોતાની. મારી તે જાણતાં કુ...ત રે;
પણ હમને......બાળી બોળાવ્યાં. મારી પદમની કરાવીરે...ઓ ૯
મામા માસીપે...ના...ના મર્યાં. એને ત્યારે દયાનવ...આ...વ્યારે
હમ અમના...ને હણવા માટે. જોગ સવિસાનુ કાઢાવીરે...ઓ ૧૦
નંદ જશોદાએ લા.........ડ લડાવ્યા. તેના ન થયા એ......હૃરે;
તેઓ કાંહા......થી થાય હમારા. દીધા સરવને છેહરે...ઓ...૧૧
આહિસ હમને...પો......તે કરીને, પછી સીખામણ...દે...બારે;
તમને મોકલ્યાં...જોગસમજાવવા. નથી હિને...લેવા દેવારે...ઓ ૧૨
ભોગી જનને...જો...ગ બતાવે. તે દાધા ઉપર જેમ...લો...નરે;
નીરદય વીના...કરે કોણ આવું, નથી જાણતા...તમે કેમરે...ઓ ૧૩
વેર હોસેજે......જનમાં......રાનું, તે આ જનમે......લીધું રે;
ધુતારાઓ......ધુરત પણું કરી. કામ પોતાનું કીધું રે...ઓ...૧૪
દુઃખ નથી અમો......ના અગનીનું; પણ પ્રેમ દેવની ન ખમા...યરે
કેહેતાં ર...દય નથી રે ફાટતું. પ્રાણ હમારા ન જાયરે...ઓ...૧૫
પ્રથમ શ કે ક...રીથી......ઉગાર્યાં, કરવું હતું જો એ......મરે;
તો મરવા દી...ધા હોત ત્યારે, તો આ દુઃખ નવ રેહેતરે...ઓ ૧૬
પ્રગટી થઇ અતી...ગો...કુળ ત્યારે. ગોવરધન ધર્યું...હા...થરે;
રક્ષણ કરીને ઉગાર્યાં, તે કરવા હાની વાતરે......ઓ......૧૭
દાવા નળ બે...વા...ર આવ્યો. ત્યારે બળવા સેનવ દી...ધારે;
ઉગારયાં...તે આ દુઃખ દેવા, ન ઘટે તેવાં કીધાંરે...ઓ......૧૮

કેહેતાં પાર ન.....આવે...હેનો, કપટ આની શુ...કહી...એરે;
શાહાણા શમજોછો તમે સરવે. જુવાણુ ચીતમા લહીએરે...ઓ૦૧૯

ગરબી ૨૨

જીવને શાશતણી સગાઇ ઘરમાં ઘડી ન રાખે ભાઇ એ રાગથી
ઓધવશુણે સ્નેહની રીત પ્રાણ તજે પણ છોડે ન પ્રીત. ટેક
સીંહ કરે જો શાત અપવાશ, નીરજ હાર તજી ન ખાયે ઘાસ
હારીલ કાઠી ગ્રહી નવ મુકે, પ્રાણ જાયે પણ રાખે પાશ. ૧
પાતૈક ચાહે જળ સ્વાતી કેરૂં, અવર ન કરે કદા પાંન;
કુપ સરીતામાં જળ જાજુ. પણ ન આવે તેને કામ. ઓ ૨
શ્વાત શર્રાતાનુ જળ એક, પણ સ્નેહ વીના તે ન કામ;
સ્નેહ થયો સ્વાતી જળ શાથે, અવ્રત જાણે તે ઠામ. ઓ ૩
જેના મનમાં જે ઇછ્યું. તે ન કરે બીજી આસ;
પ્રાણ ગયે છોડે નહી. તે નવ જાયે બીજા પાશ. ઓ ૪
પ્રીત તણી એવી રીત, ઓધવ શીખવી ન આવડે કોય;
સાચી જુઠી જણાઇ આવે. અંતરમા જે હોય. ઓ ૫
દાદુર મીન એક ઠોરના તેને, વારી વાહાલું હોયે.
પણ શમય આવે તેની થાયે, પરીક્ષા તે જાણે શહુ કોયરે. ઓ ૬
જળ વીના દાદુર પડે, પંકમા રાખે પોતાનો દેહ;
મછ જળથી વીછરતાં તજે. પ્રાણ પોતાનો ધન એહ. ઓ ૭
માની પરેમી એમા ઓધવ. એટલા અંતર હોય;
જુવાણુ કાઇ નવ જાણે હેમા, જે શમજે પ્રેમી હોયરે. ઓ ૮

ગરબી ૨૩

જે કોઇ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે. એ રાગથી
જોગ ધ્યાન મનમાં નવ ઠરે, ઓધવ શું વનીતા વાતો કરે. ટેક
વેહેતું જળ પ્રગટ પીવે. મુખ વશુંધા વાથી ન ઠરે;
ધ્યાંન ધરે ભુખ્યો ભોજનનું, તેથી પેટ ન ભરે. ઓ. ૧
મીઠું મુખ નવ થાએ કહાવી, શાકર શમરણ કરે;
કાષ્ટ માહે અંદર અગ્ની, પણ તેથી શીત નહરે. ઓ ૨
મનથી મોટા થઇ બેઠે, યસ ન મળે કેમ કરે;
યસ પાખે મોટા તે ખોટા, પાખંડોમાં ઠરે. ઓ ૩
આંખો મીચી ધ્યાંન ધરે, તો તેમાં અરથ શો શરે;
પ્રેમ આગળકે જુઠો જોગ; એ વ્રથા શમજયો ખરે. ઓ. ૪
જુઠણુ જેવો જોગ તેને, શું હોડે કે પાથરે;
પ્રગટ પાવક પર હરી, શીર પથર ફોડી શીદ મરે. ઓ. ૫
ઓધવ એ ડાહાપણ બહુ હરીનું, જોગ પત્રી શુ કરે;
શંભોગીને ભોગ ગમે, તેના મનમા જોગ ન ઠરે. ઓ ૬
કુબજાને શમજાવો જોગ. જઇ તેનું કારજ શરે;
એમ કરવું હતું તો શાને, પ્રથમ ઉગાર્યાં નટવરે. ઓ ૭
કહેવાનું નથી કાંઇ રહ્યું, ભીતર અંતર બળે;
હશારથકીથી લોકોમાં, છાપ ટાળી નવ ટળે. ઓ ૮
વ્રજ વનીતાનો પ્રેમ જોઇને, ભુષણ મનમાં ઠરે;
ન ઘટે હરીને હાંલુ કરવુ, અબળા હેમા શું કરે. ઓ ૯.

ગરબી ૨૪

મીઠાં ગોરશડ્યો ગોરશડ્યો એ રાગથી

ન ઘટે હરીનરે એમ કરવું, એમ વ્રજને કેહે વ્રજનાર;
ન ઘટે હરીનરે એ એમ કરવું. ટેક
મનમાં મારવા ધાર્યાં હતા જ્યારે, રાખવા સીદ વન બળતાં ત્યારે. ૧
શીદ ગીરી ધરીને ઉગારડ્યા. આ દુઃખથી બાના મરણ પમાડ્યા. ૨
એવી વાતો કહી કેમ જાય. ગાગરમાં કેમ સાગર શમાય. ન ઘટે ૩
બળી રહ્યાં હતાં વ્રેહેની આગે. બીજ્યાં જોગ જવાનુંને લાગે. ૪
જળવાયુ દાઝ્યા ઉપર જેવો. શરેશો કાહાવ્યો હરી તેવો. ન ઘટે ૫
એવામાં મધુપુરથી આવ્યો. ભમર ભમતો નવ ભાવ્યો. ન ઘટે ૬
કરે ગુણગુણ શબ્દ રસાળ. અંગે અડે અબળાને તતકાળ. નઘટે ૭
શુંજી કારણ એમ કેહે. મર્મ વાક્ય ભમર તે લેહે. ન ઘટે ૮
આહવા ન અડીશ આવો રેહેરે. ગયો હતબાર તું શું કેહેરે નઘટે ૯
તું છે કપટી તેથી કાળો. પીળું માટે ન લાગે વાહાલો. નઘટે ૧૦
કમળ કોમળ તે બગડ્યાં, પીનજ લેવા અંગ બગાડ્યાં. નઘટે ૧૧
પાંખી આનંદને ઉડી ગયો, પછી તાંહા જઇ શુખીઓ થયો. ૧૨
તરૂ ચીત ચપેથી થયું પરૂ. પેલા અકુશા શાધે મન ઠર્યું ૧૩
લાગી પેઠે હરીએ તો કર્યું તેથી બધાનું ચીત ન ઠર્યું. નઘટે ૧૪

ગરબી ૨૫

ઓધવજીનારે ઘટે હરીને એ રાગથી

ભમરા તું કેમ ફરે ભમતો, કાળા તારો શબ્દ નથી ગમતો. ટેક

અહોનીશ તું મથુરાંમાં ભમતો. શ્રી કુબ્જના કુચ ઉપર રમતો,
આજ્ઞો ફરી કપટી શું દમતો; ભ. ૧
ફુમ ફુમ લેપ પુસ્પ માળા, હમને તો તે લાગે છે જવાળા;
ન ભાવે જન્યો હોયે જે વાહાલાં; ભ ૨
હમે એક પ્રેમ રશને જાગી, મીઠી કરી કહી મરમ વાણી;
કહ્યુ શરવે હેત વખાણી; ભ. ૩
વખાણી જે વાત હતી જીતની. ભલી ભગવાને કરીછે પ્રીતની;
કેહે કઇ વાત જો હોયે રીતની. ભ૦ ૪
શુ ગુ ગુશુ કરવા શીદ આવી આવ્યો. નથી થાકતો પેહેલાં ફાવ્યો;
ફરી શાને દમવાને આવ્યો. ભ૦ ૫
શોક શંગીની વાત હોય કાંઈ. નથી આમં આગળ તે આહી
કારજ તારૂ ન શરે એમાં કાંઈ ભ૦ ૬
એ જશ ગ્રીઅનુર હોય તાહાંજ. શંત પંકરે વના શુને આવ્યો આહીં
વાહાલી હોય તેને શંભળાવજૂ તાહાં ભ૦ ૭
વાકય કહ્યાં ગીરધીરના એવાં, ભીખ્યા અતી પ્રેમરશમાં તેવાં
કહ્યાં કોટી વચન એવાં એવાં. ભ૦ ૮
પડયો જોગ જાણે મેહ પાંમી, ઓધવે ન દીઠી કેમા ખામી.
મતી ઓધવની હતી તે વાંમી ભ૦ ૯
સ્નેહનો શમુદ્ર ઉતરીયો જહુ ગજુ શુ કુપનુ તે આગળ તાહાં;
ઓધવે જોઇ માન મુકયું શરવે તાહાં. ભ૦ ૧૦
ઓધવ એમકેહે હુશરૂ છોડીને, ભજુ ગોપીના ચરણ હાથ જોડીને
જેનુ જોગનુ ધ્યાન તે તોડીને. ભ૦ ૧૧

ગુરૂપદ શીષ્ય દેવા આવ્યા. શ્યામાના શીષ્ય થયા ન ફાવ્યા;
પરેમ ભુષણ મનમાં ભાવ્યા. અ૦ ૧૨

ગરબી ૨૬

રંગભેર રમતાં રાધામા રંગ જામ્યો છે ડગલે. એ રાગણી

વ્રજ નારી તમે સાંભળો. કેહે ઓધવ તાકે.
દશા તમારી કોઇ નથી પામ્યું. જગ માંહે. વ્ર. ટેક
બ્રહ્માને શંકર ભગતમાં. મોહા મોટા પવીત્ર;
તો પણ તેથી ન કળાયે, તમારૂં ચરીત્ર વ્ર ૧
હું તો હરીપાસે માગું, મને આપજો; એહ
તોએ કહું છું મન થકી. નથી આશા સંદેહ વ્ર ૨
ભાગ્યવંત વ્રજગોપીઓ. વસો જે વ્રજમાંહે;
કમળુ તેના બીજુ નવગમે. ગમી શુ ઘટમાંહે. વ્ર ૩
જનમ આપો મને શ્રી હરી. વ્રજ છોડી ન જાઉં;
વ્રજ જન મુજ સીર પગ ધરે, તો હું પાવન થાઉં વ્ર ૪
અબળા આગળ હાથ જોડીને, પ્રણામ ઓધવે કીધાં;
જ્ઞાની મટીને પ્રેમી થયા. ગર્વ છોડી દીધી. વ્ર. ૫
આપણી પરેમ પછી પેરમહાવે, ઓધવને રહાખ્યા કરી;
ઠાંમ દેખાડવા રમણુના, ફરી લીલા જે હરી વ્ર ૬
હાં ચોરી ધર્યા હાં ચીર હર્યા, હાં નાથ્યો નાગ ફણી;
હાં રાસ ક્રીડા રમ્યા હરી, નટવર ગીરધારી. વ્ર ૭
સ્થળે સ્થળે સુખ સાંભરી, ઉરમાં શર લાગે;
જુગે કહ્યું જાણે નહીં, ઓધવ એમ માગે વ્ર ૮

પ્રભુ પધારે તો દુઃખ ટળે, નહીં તો સુખ ન થાય;
નટવર રૂદે રમી રહ્યાં, ભુષણ વ્રજમાંય   પ્ર. ૯

ગરબી ૨૭

ગોરસ વેચંતાં રે ગોપી ગોકુળની ચીજનાર. એ રાગથી.

વ્રજ વનીતા કહે રે, તમે સુણો ઓધવ વાત;
કહેજો સહુ જઈ રે, પ્રભુને હમારી સરવે વાત. ૧
વીનતી ઘણાં ઘણી રે હમારી, પ્રભુને કહેજો જઈ;
જેમ તેમ કરીને રે, પધારજો વેહેલા વ્રજમાં આહીં. ૨.
પ્રાણ અટકી રહ્યા રે, કહેજો હમને તમારી આશ;
તન મન તમ કણે રે, કહેજો કહાવ્યું તમારી દાસ. ૩
જસોદા ને નંદજી રે સહુ મળી, કહાવે વ્રહેની વાત;
વ્રજ વેહેલા આવે રે. એવું કહેજો જે ન કરે ઘાત. ૪
ભેટ સામગરી ઘણી રે, મોકલવા આપી ઓધવ હાથ.
લઈ મધુપુર ભણી રે. પધાર્યા ઓધવ જહાં વ્રજનાથ. ૫
મધુરાં નાથને રે, મળીઆ ઓધવ આવી તાંહે;
પ્રીતે પ્રણામ કરી રે, હરીને કહે થયું જે વ્રજમાંહે. ૬
જેજે કહાવીઉં રે, તે કહયો સરવે સમાચાર;
કાંઈ વહાલું નથી રે વ્રજમાં સહુને તમ આધાર ૭
વ્રજવાસી તણો રે, સ્નેહ અતી મુખ નવ કહેવાય;
કોઈ સમરથ નથી રે, પરેમ ગોપીનો કથન ન થાય. ૮
ઘણું ઘણું કરી કહ્યું રે, પધારજો વેહેલા વ્રજમાં નાથ;
કૃપા હમપર કરી રે, અરજ હમારી મનમાં આપ. ૯

વખાણે વ્રજ ન રને રે, ઓધવ મનથી વારોવાર;
ભાંતી ટળી ગર્વ રે. સુખાસુની સાંભળનાં વાગ. ૧૦

રાગ માલવ

સંવત ઓગણીશ પાંતરીશ કેરા. અધીક આશો માસરે;
શુદ બીજ ગુરૂવાર શુભરે. થયુ પુરણ પ્રકાશરે;
વજશાંક નાગરીએ શુંગનમાં જોઇ. કથ ન કર્યો એ શારરે.
ભાનુદાશ હરીના દાશાને, તેણે કર્યો ઉચ્ચારરે.

ગરબી ૨૮

કાળો રંગ કદાપી ન જોઇરે. હું આજ પછી કાળોરંગ કદાપી ન જો.ઉરે
કાળો હોય તેતો નીદય કપટી. માટે કાળા રંગને ન મોહુ છે;
હું આજ પછી કાળો રંગ કદાપી ન જોઇરે. ૧
મગ અડદને જાબુ વેંગણ. કાળાં માટે કદાપી ન ખાઉરે હું. ૨
કાળો મેઘ ગગનમાં ગાજે, કાબર કાગ કાળાં તે ન જોઉરે. હું ૩
કાળો ભમર ને કોએલ કાળી. હેના શબ્દ શ્રવણથી ન મોહુરે, હું ૪
કાળાં વસ્ત્ર પરી ધાંત ન કરવા, કસ્તુરીના કુંગને ન છોઉરે હું ૫
કાળુ કાંજળ તેનુ અંજન કરૂ નહી, કાળા રંગથી દુર શદા રહુરે હું ૬
કાળા કૃષ્ણને કુબજા કાળી. કાળે કાળાં માટે મન મોહ્યુરે હું ૭
કાળા કૃષ્ણએ કાળજ કોર્યું. મોરલીના નાદે મન મોહ્યુ રે. હું ૮
મર્મ ના વચન તેતો ઉપર અવળા, ભીતરનો પરેમ જાણે કોઉરે હું ૯
વીયોગ દુખમાટે મારૂ બાળું પણ, મનપ્રીત પ્રભુમાં પરોવ્યુંરે. હું ૧૦

કવિત

એક સમે પ્રથમાનની જાય બેઠી ચંપેજી છ.હે
વંશી એક ડારપે, બેઠો હતો કાર
શાંતા શાંતો ર.બે કન્નુ ગાબે કરસ્નુ રાધે કરસ્નુ ગહેતરે.
રાધેમાં કહુ કાર હીન મે સાતરી.
કાંહા હાથે પરસે ન દેત સુંદર કમાં ન રહેરે.
જો તેરે જુગગનામ રટાકો હાથ નાંહી તો
કરસ્નુ કુખળ કરસ્નુ કુખળ કરસ્નુ કુખળ કેહેરે.

લસંત છંદ.

ગર્ભમાં રહી સ્તુતી જે કરી. પ્રગટ થયા પછી ભુલી ગયો ફરી;
માયા બંધનને બાંધીને જાવો. હે દયાનીધિ ધુનો અતી કીધો. ૧
છળ પ્રપંચમાં છકી રહી ફરો, કામ ક્રોધ ભરી ...રા ના ડરો;
હરીભગત કોણ તે વિચાર નવ કરો, હે દયાનીધિ મારા પાપ પરહરો. ૨
પર સ્ત્રીઓના સંગથી ડરતા નવ ડરો, સાધુસમાગમનો સંગ નવ કરો;
દ્રવ્ય પરાયું લઉં મનમાં ધરો હે. દયાનીધિ મારા પાપ પરહરો. ૩
દયા જળ લેશ દીલ નવ ધરી, હીંસા જીવની અતીશે કરી;
લોભ લાલચમાં લપટાઈને ફરો. હે દયાનીધિ મારા પાપ પરહરો. ૪
અહંકાર અભીમાન અતીશે કરી, મહાંધ થઈને બેઠો નવ ડરી;
પાપ પુન્યનો વિચાર નવ કરો, હે દયાનીધિ મારા પાપ પરહરો ૫
પાપ આચરણ જે શાસ્ત્રોમાં કહ્યાં, વીના વાંચે અમો તે સરવમેં લહ્યાં
અનંત અપરાધ કરતા ન ડરો, હે દયાનીધિ મારા પાપ પરહરો. ૬

નત ન કરી. હરી અ ણમાં ચીત નવ ગહું હરી;
થઇ ફરે્યા, હે દયાનંદ વિ મારા પાપ પરહરો. ૭
ભુલી ગયો, પરોપકા નો વીચાર નવ થયો;
પાપુ ભટકતોફરો, હેદયાનંદાવિ મારાપાપપરહરો. ૮
ડાગ કાનમાં. વયજંતી માળા રાખો રૂંદ ધ્યાનમાં;
ભુષણ ચીતરો, હેદયાનંદાવિ મારા પાપ હરહરો. ૯

દયારાંમકૃત. ગરબી.

ગરબી. ૧

ાધવ હમકુ છોડચલે બનમાંધુ રાધા છોડચલે બનમાંધું એરા
તુ તો શીદને રીસાણી રે કાંઇ એક કરણ મુજને કેહેની રે;
મૈં ન્ય ગ્રહીને રહી છે રે. ઉતર વા પ્રતી ઉતાર દેની. શામા.
ા નેત્ર થયાં છે રાતાં. ને અધર ડશે છે દંત રે;
રી કમાન સમાન કરી છે, ક્રોધ કરે છે અંત શામા. ૨
હ લે તુ પી વાહ ન ઉતારૂં, કે પ્રાંત અવર શું કીધો રે;
ઘ ન.રે વચન ઉચાર્યું, આની હઠ તે લીધો. શામા. ૩
ઇ વાંકુ વેણ કહ્યું રે. કીધો સમાવડ તાહારો રે;
માન ધરી તું બેઠી શત્ય કહે સખી મારા રે શામા.
ડી પ્રણામ કરીને. બોહ કહાવ્યું છે તારે કંથેરે;
દુખ હમારે દાજો તો. પગ ધરજો આ પંથે. શામા. ૫
નીર ભરે છે નટવર, મુખે જપે રાધા જાપ રે;
પ્રીતમને મળની માતુની સમે સરવ સંતાપ. શામા.

ગરબી ૬

હવે હું આવી નહીં બેસું રે, કાપી નંદકુંવરની
મુને ચાંદલીની કળી છે રે, ત્યાર નીંદરાજ લાગી છે
ચંદ્ર જીવનમાં આંખ્યા છે વળી, રાહુ ગળે ખટમાંથી
પખે ઘટે ને પખે વધે કળા, પુરાણ નીરખ તે નવ પ્રકાશે
તે કરતાં ચંદ્ર ભાનની કળી તે. કહીં હું ને ચંદ્ર એક રે
ત્યારે મુજ મુખ પાળે શું અટક્યું છે જોશો ચંદ્ર
નહીં તો શીવને શરણ રાખશે. ને જાણે ચંદ્ર દેખ
પ્રસન્ન થઈ પાસે રહેશે, નહીં તો કહેવાય નહીં નીજ દાસે. ૧૮
એવડો અભ્ય પણ શીદ કરે છે. જુઓ ચંદ્ર પોતાની પાસે રે;
વાંસ ચરણમાં પંદ્ર અવગ છે. શીદ રહે અન્નની આશે. હવે
દ્દમાના પીતમને કહે શખી જુઓ, શશી મુખ સરખું મુખ પાસે રે
કોટી પ્રકારે હું નહીં આવું, એવા પુરૂષની આશે હવે. ૬

સમાપ્ત